પ્રાંતિજ સહિત તાલુકામાં ભર શિયાળે કમોસમી વરસાદ

કમોસમી વરસાદ પડતા શાકભાજી સહિત ખેતીમાં નુકસાન : કમોસમી વરસાદ પડતા ધરતી પુત્રોમાં નારાજગીઃ કમોસમી વરસાદ પાડવાથી ખેતી મા પડયા ઉપર પાટું જેવી સ્થિતિ પેદા થઇ : ફલાવર, કોબીજ, કપાસ જેવા પાકોમાં નુકસાનની ભીતી : કમોસમી વરસાદ બાદ વાદળછાયુ વાતાવરણ સાથે ઠંડો પવન છૂટયો

પ્રાંતિજ તા.૧

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકા મા ઝરમરિયો કમોસમી વરસાદ પડતા ધરતી પુત્રો મા નારાજગી જોવા મળી તો ફલાવર , કપાસ , કોબીજ ના પાકો મા નુકસાનની ભીતી મોસમ વિભાગની ત્રણ દિવસીય આગાહી વચ્ચે જિલ્લા સહિત તાલુકામા વહેલી સવારથીજ ઝરમરિયો કમોસમી વરસાદ પડતા હાલતો શાકભાજી પકવતા ખેડુતો મા નારાજગી જેવો મલી છે જેમા ખાસ કરી ને ફલાવર, કોબીજ અને કપાસ પકવતા ખેડુતો મા કમોસમી વરસાદ ને લઈ ને નારાગી જોવા મળી છે અને ખેતરો મા તૈયાર થયેલ કપાસ, ફલાવર-કોબીજ ના પાક ને નુકસાન થવાની ભીતી સેવાઈ રહી છે ફલાવર, કોબીજ ના પાકો ઉપર વરસાદી પાણી પડતા અસર જોવા મળશે ત્યારે હાલતો ભર શિયાળે કમોસમી વરસાદ પડતા ખેડુતો ને પડયા ઉપર પાટુ જેવી સ્થિતિ પેદા થઈ છે તો બીજીતરફ કમોસમી વરસાદ બાદ ઠંડી અને વાતાવરણ વાદળ છાયુ બનતા હજુ પણ વાદળ ને લઈ ને ફલાવર ના પાક ઉપર પણ અસર થશે તો વરસાદને લઈ અને દિવસ દરમિયાન વાદળ છાયુ વાતાવરણ અને ઠંડા પવન ને લઈ ને ઠંડી મા પણ વધારો થયો છે અને હજુએ ઠંડી વધશે.

અરવલ્લીમાં ગ્રામ પંચાયતની ચુંટણીને લઈને જીલ્લા કલેકટરએ દીવાલો ઉપર ચિત્રો દોરાવવા તથા દરવાજા ઉભા કરવા પ્રતિબંધક હુકમો જાહેર

બાયડ, તા. ૧

ગુજરાતના રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયત ચૂંટણી ડિસેમ્બર-૨૦૨૧નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અરવલ્લી જીલ્લાની કુલ ૨૩૧ ગ્રામ પંચાયતો પર ચૂંટણી યોજાનાર છે. તે ગ્રામ પંચાયતનું ચૂંટણીનુ મતદાન તા ૧૯ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ સવારના ૦૭.૦૦ વાગ્યાથી સાંજના ૦૬.૦૦ કલાક સુધી યોજાનાર છે. તેમજ પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૦ ડિસેમ્બર ૨૦૨૧ તથા ૨૧ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ મતગણતરી હાથ ધરાશે. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાલ કટઆઉટ, પાટીયા, બેનરો તથા ચૂંટણી પ્રચારને લગતા સાહિત્ય વગેરેના ઉપર જરૂરી નિયંત્રણ રાખવું જરૂરી છે.. ચૂંટણી દરમિયાન ગ્રામ પંચાયતની ચૂંટણીના ઉમેદવારો દ્વારા જાહેર માર્ગની બંને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા,શેરીઓ, નાક, જાહેરમાર્ગ, માલિકીના મકાનો વગેરે સ્થળો ઉપર વિશાળ પોસ્ટરો, બેનરો, વગેરે ઉભા/પ્રદર્શિત કરવાં આવે છે. તે જ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંસ્થાના મકાનો તથા વીજળી/ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલકતો પર ભીંતચિત્રો વગરે લગાવવામાં આવે છે. આં લીધે ટ્રાફિકની સમસ્યા ઉભી થવાનો સંભવ છે. આથી આ માટે જરૂરી કાર્યવાહી કરવી જરૂરી છે. જેને પગલે અરવલ્લી જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ,૧૯૭૩ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ અરવલ્લી જીલ્લામાં યોજાનાર ગ્રામ પંચાયતની ચૂંટણીના હદ વિસ્તારમાં ચૂંટણી જાહેર થયાની તારીખથી ૨૫ ડિસેમ્બર ૨૦૨૧ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ રહેશે. (૧) રાજ્ય સરકારના નગરપાલિકાઓ અથવા સરકારી બોર્ડ/નિગમો/પંચાયતની માલિકીના રસ્તાઓ, મકાનો અથવા અન્ય કોઈ જાહેર જગ્યાઓ ઉપર કોઈપણ ગ્રામ પંચાયતના ધ્વારા અથવા આવા ઉમેદવારો માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યક્તિ ધ્વારા સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈપણ પ્રકારના કટઆઉટ, જાહેરાત પાટીયા,પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ મૂકી શકાશે નહી કે દીવાલો ઉપર ચિત્રો દોરાવી શકશે નહિ કે કમાનો/દરવાજા ઉભા કરી શકાશે નહિ. આવી મિલકતો ભાડે આપી હશે તો પણ મૂકી શકાશે નહી. (૨) કોઈપણ ગ્રામ પંચાયતની ચૂંટણીના ઉમેદવારોએ જાહેર મિલકતો કે ખાનગી મિલકતો પર ચૂંટણી જાહેરાત પ્રચાર કરતા પોસ્ટરો, સુત્રો, બેનરો, પડદા લખાણો વગેરે સંબંધિત સંસ્થા, કચેરી કે માલિકીની સમંતિ/ધોરણસરની પરવાનગી સિવાય ચોટાડવા નહિ, લખવા નહિ કે લગાડવા નહિ. ચૂંટણી પ્રચાર અર્થે કોઈ કટઆઉટ, દરવાજા કે કમાનો ઉભા કરવા નહિ. (૩) જાહેર સ્થળોએ સક્ષમ સ્થાનિક સત્તાધિકારીની મંજૂરી પ્રમાણે નિયત રકમની ચુકવણીથી ચૂંટણી પ્રચાર માટે હોર્ડીંગ્સ પ્રદર્શિત કરી શકાશે પરંતુ ચૂંટણીની જાહેરાત કરી દીધેલ હોઈ આવી જગ્યા કે હોર્ડીંગ્સની સાઈઝ હવે વિસ્તારી શકાશે નહિ કે ઘટાડી શકાશે નહિ. (૪) કોઈપણ ગ્રામ પંચાયતની ચૂંટણીના ઉમેદવારોએ કે તેમના ટેકેદારોએ અન્ય ઉમેદવારોએ યોજેલ સભા અને સરઘસમાં અવરોધો ઉભા કરવા નહિ કે તે સભા તોડવી નહિ, તેમજ એક ગ્રામ પંચાયતની ચૂંટણીના ઉમેદવારના કાર્યકરો કે સહાનુભૂતિ દર્શાવાનારાઓએ બીજા ઉમેદવારોએ યોજેલી જાહેર સભાઓમાં ઘર્ષણ સર્જાય તેવી રીતે મૌખિક લેખિત પ્રશ્નો પૂછીને અથવા પોતાના પક્ષના ચોપાનીયા વેચીને ખલેલ પહોંચાડવી નહિ તેમજ એક પક્ષે સભાઓ યોજી હોય, તેવા સ્થળોએ બીજા પક્ષોએ સરઘસ લઈ જવું નહિ તેમજ એક ઉમેદવારે બહાર પાડેલ ભીંતચિત્રો બીજા ઉમેદવારના કાર્યકરોએ દુર કરવા નહિ. (૫) હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફૂટ x ૮ ફૂટથી વધારે હોવી જોઈએ નહિ. કટઆઉટની ઊંચાઈ ૮ ફૂટથી વધવી જોઈએ નહિ. કટઆઉટ, જાહેરાત પાટીયા,બેનર વગેરે કોઈ સ્થળે મુકતા પહેલા તે અંગેની જાણ જીલ્લા અધિકારી અને કલેકટરશ્રીને, પોલીસ અધિક્ષકશ્રી તેમજ ચૂંટણી અધિકારીને કરવાની રહેશે. આ અંગેનો ખર્ચ સબંધિત ઉમેદવાર/ઉમેદવારોના ચૂંટણી ખર્ચના હિસાબોમાં યોગ્ય જગ્યાએ દર્શાવવાનો રહેશે. (૬) પરવાનગી અપાયેલ દીવાલો, મકાનો કે અન્ય મિલકતોને મૂળ સ્થિતિમાં લાવવાની જવાબદારી સબંધિત ઉમેદવારની રહેશે. માલ મિલકત ઉપર ચૂંટણી વિષયક લખાણ દુર કરવાનો ખર્ચ ઉમેદવારો પાસેથી વસુલ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

પ્રાંતિજના દેશી શિંગોડાની માંગ ગુજરાતના શહેરો સહિત મુંબઈ, દુબઈ, અમેરિકા સહિત વિદેશોમા માંગ

પ્રાંતિજ તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના દેશી શિંગોડાની ગુજરાતના અમદાવાદ , વડોદરા, સુરત , રાજકોટ સહિત ના મોટા શહેરો સહિત મુંબઈ, દુબઈ, અમેરિકા વિદેશોમાં પણ પ્રાંતિજના દેશી શિંગોડાની પુસ્કર પ્રમાણ મા માંગ. પ્રાંતિજ ખાતે રહેતા ભોઈ સમાજના લોકો મુખ્ય વ્યવસાય શિંગોડાની ખેતી ને લઈને આ સમાજ ના લોકો શિંગોડી ભોઈ જ્ઞાતિ થી ઓળખાય છે પ્રાંતિજ ખાતે રહેતા શિંગોડી ભોઈ સમાજ ના લોકો શિંગોડા ની ખેતી અને શિંગોડાના વ્યવસાય સાથે સંકળાયેલા છે અને પ્રાંતિજ મા થતા દેશી શિંગોડા ની માંગ ગુજરાત મા આવેલા મોટા શહેરો અમદાવાદ , વડોદરા , રાજકોટ , સુરત તથા મહારાષ્ટ્ર ના મુંબઈ થી લઈ ને દુબઈ , અમેરિકા જેવા દેશો સહિત વિદેશમાં પણ ખુબજ મા માંગ છે તો આઠ મહિનાની માવજત બાદ ચાર મહિના પાક લેવાય છે જેમા

મુખ્યત્વે સપ્ટેમ્બર, ઓક્ટોબર, નવેમ્બર, ડિસેમ્બર સુધી પાક લેવામા આવે છે અને શિંગોડાનો પાક મુખ્યત્વે શિયાળાની સિઝન માજ થાય છે તો શિંગોડા ચાર પ્રકાર ના હોય છે જેમા દેશી શિંગોડા, કાંટાવાળા શિંગોડા , જબલપુરી શિંગોડા અને પોપટીયા શિંગોડા તો દેશી શિંગોડા ની ખુબજ માંગ હોય છે અને ખાવામા પણ કાચા ખાઓ તો પણ મીઠા અને સ્વાદિષ્ટ લાગે છે તો શિંગોડા કાચા, બાફેલા, સેકેલા સુકા પણ ખાવા મા આવે છે તો દેશી શિંગોડા ની ખેતી મુખ્યત્વે પ્રાંતિજ, ઈડર , ખેડબ્રહ્મા, વડનગર , વિસનગર અને મોડાસા ખાતે પુસ્કર પ્રમાણમાં થાય છે પણ પ્રાંતિજના બોખમાં તૈયાર થયેલ શિંગોડાની માંગ ખુબજ હોય છે પણ આ વર્ષે ઓછો વરસાદ અને શિંગોડાના પાક મા રોગ આવતા ઓછો પાક અને ઓછો ઉતારો રહેતા પાક ઓછો છે તો આવર્ષે દેશી શિંગોડા નો બજાર ભાવ ૭૦૦ થી ૮૦૦ રૂપિયા વચ્ચે રહેલ છે તો બજાર મા છુટક મા ૧૦૦ થી ૧૨૦ સુધીમા વેચાય છે તો ગર્ભવતી મહિલાઓ માટે શિંગોડા ખાવા ફાયદા કારક હોય છે તો આરોગ્ય માટે પણ શિંગોડા ખાવા હિતાવત છે અને શિંગોડા ફરાળી જ નથી પણ તે ગુણદાયક છે અને તેના ફાયદા અનેક છે શિંગોડા ખાવાથી બોડી ને ભરપુર માત્રામા ન્યુટ્રીશન પુરુ પાડે છે વાળ અને ત્વચાને બનાવે છે યુવાન બનાવે છે શિંગોડા ખાવાથી હૃદય રોગના હુમલા ના ભયં ને ટાળે છે જ્યારે જે વ્યક્તિ વધુ વજન થી પરેશાન હોય તો શિંગોડા તાજા કે સુકા ખાવાથી વજન મા ઘટાડો થાય છે આમ શિંગોડા અનેક રોગો માટે પણ લાભ દાયક છે તો શિંગોડા ની ખેતી મા યુરિયા-ડીએપી ખાતર નાખવામા આવતુ નથી માત્ર જીવાત પડે કે રોગ આવેતો રખાય સાથે પાવડર કે જીવાત ની દવાનો છટાવ કરવામા આવે છે.

શિંગોડાની ખેતી તથા શિંગોડાના વ્યવસાય સાથે સંકળાયેલ રણછોડભાઈ ભોઇનુ શુ કહેવુ છે

શિંગોડા એ શિયાળા મા થતુ ફળ છે અને આની ખેતી પાણી મા થાય છે અને આ ફળ આરોગ્ય લક્ષી છે જેમા ચાર પ્રકાર ના શિંગોડા હોય છે દેશી શિંગોડા , કાંટાવાળા શિંગોડા , જબલપુરી શિંગોડા અને પોપટીયા શિંગોડા જેમા દેશી શિંગોડા ની માંગ ખુબજ હોય છે અને તે ખાવામા કાચા કે બાફેલા ખાઓ તો પણ મીઠા હોય છે તો શિંગોડા કાચા અને બાફેલા ખાવામા આવે છે તો બજાર મા વેચાતા છુટક મા બાફેલા શિંગોડી ની અંદર હિરાકસી નાખવામા આવે છે જેથી તેનો કલર એકદમ બેલ્ક થઈ જાય છે

શિંગોડાની ખેતી કરતા ચેતનભાઇ ભોઈનું શું કહેવુ છે

આ વર્ષે ઓછો વરસાદ થતા પાણીની સમસ્યો ને લઈ ને પ્રાંતિજ બોખ મા શિંગોડા ની ખેતી ઓછી થઈ છે અને અધુરા મા પુરુ આ વર્ષે ખેતી મા રોગ આવતા શિંગોડા ની ખેતી ઉપર અસર પડી છે જેથી બજાર મા શિંગોડા ની માંગ સામે શિંગોડા નો માલ નથી અને હોલસેલ બજાર મા ૭૦૦ થી ૮૦૦ સુધી વેચાય છે અને બજાર મા છુટક ૧૦૦ થી ૧૨૦ સુધીમા વેચાય છે.

ડીસાના આસેડા સહિત આજુબાજુના ગામોમાં બોગસ ડોકટરોનો રાફડો

જન આરોગ્ય સાથે જાહેરમાં ખુલ્લેઆમ ચેડાં : સરકારી તબીબોની સૂચક ચુપકીદી

ડીસા. તા. ૧

હાલમાં કોરોનાનું જોર ઘટ્યું છે પણ મિશ્ર હવામાનને લઈ વાયરલજન્ય બીમારીઓનો ઉપદ્રવ વધી પડ્યો છે. ત્યારે ડીસા તાલુકાના આસેડા સહિત આજુબાજુના ગામડાઓમાં બોગસ ડોકટરો જાહેરમાં ખુલ્લેઆમ પ્રેક્ટિસ કરી જન જીવન જોખમમાં મૂકી રહ્યા છે. ડીસા તાલુકામાં

આરોગ્યની અપૂરતી સવલતો વચ્ચે આસેડા સહિત આજુબાજુના ગામડાઓમાં બોગસ ડૉક્ટરોનો રાફડો ફાટ્યો છે. જેઓ માન્ય સર્ટિફિકેટ વગર એલોપેથી દવા કરી ગામડાની અભણ અને ભોળી જનતાની લૂંટ ચલાવી ધિકતી કમાણી કરી રહ્યા છે. જેમાં ઘણી વખત ખોટી સારવાર અને દવાને લઈ ઘણા દર્દીઓનો જીવ જોખમમાં મુકાય છે ત્યારે તેઓ હાથ અધ્ધર કરી દે છે. જેના કારણે અનેક દર્દીઓના અકાળે મોત નિપજ્યાના કિસ્સા પણ લોકમુખે ચર્ચાય છે. તેમછતાં આ ઉઘડપગા ડોકટરો પ્રસુતિ જેવા કેસો લઈ જન જીવન જોખમમાં મૂકી રહ્યા છે. સરકારી ડોકટરો પણ અગમ્ય કારણોસર તેમની સામે કોઈ કાર્યવાહી કરતા નથી.તેથી બોગસ ડોકટરોને મોકળું મેદાન મળી ગયું છે. સરવાળે મોંઘવારીમાં પીડાતી આમ પ્રજા જ તેમનો ભોગ બની રહી છે. ત્યારે જવાબદાર તંત્ર તેમને કાયદાનું ભાન કરાવે તેવો જનમત પ્રવર્તે છે.

પાલનપુરમાં ઘરફોડ ચોરી કરનાર તસ્કર ઝડપાયો

ચોરીના ગુનામાં બે વર્ષ થી ફરાર આરોપીને પેરોલ ફર્લો સ્કોડે ઝડપી લીધો

પાલનપુર તા.૧

પાલનપુરમાં બે વર્ષ અગાઉ એક ઘરફોડ ચોરી થઈ હતી. જેમાં એક શખ્સ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જે ચોરીના ગુનામાં આરોપી છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો હોઈ પાલનપુર પેરોલ ફર્લો સ્કોડની ટીમે બાતમીના આધારે આરોપીને પાલનપુર માંથી ઝડપી પાડવામાં આવ્યો છે.

પાલનપુરમાં વર્ષ ૨૦૧૯ માં ઘરફોડ ચોરી થઈ હતી જેમાં વાવ તાલુકાના ખડોલ ગામના ભરત માધા લુહાર નામના શખ્સ સામે ફરિયાદ નોંધાઈ હતી. જે ગુનામાં આરોપી પોલીસ પકડથી બે વર્ષથી બચવા નાસતો ફરતો હતો. દરમ્યાન પાલનપુર પેરોલ ફર્લો સ્કોર્ડની ટીમ પાલનપુર શહેરમાં નાસતા ફરતા આરોપીઓની તપાસમાં હતી તે સમયે ખાનગી હકીકત આધારે પાલનપુર ઘરફોડ ચોરીનો આરોપી ભરત માધાભાઈ લુહાર રહે.ખેડોલ તા.વાવ હાલ રહે ડીસા વાળો પાલનપુર બસ સ્ટેન્ડ પાસે હોઈ આરોપીને ત્યાંથી પકડી પાડવામાં આવ્યો હતો. અને આગળની કાર્યવાહી કરવા તેને પાલનપુર શહેર પૂર્વ પોલીસ મથકે સોંપવા માં આવ્યો હતો

પાલનપુરમાં બસમાં ગાંજાની હેરાફેરી કરતા બે ઈસમો ઝડપાયા

એસઓજીએ રૂ. ૫૯,૩૫૦/-ના મુદ્દામાલ બે આરોપીની અટક કરી

પાલનપુર તા. ૧

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી તરૂણ દુગ્ગલે જિલ્લામા NDPS ના વેચાણ હેરાફેરીની પ્રવૃત્તિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા આપી હતી. તે અંગે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના પોલીસ ઈન્સ્પેક્ટર ડી. આર.ગઢવી સાથે તેમની ટીમના એસ.ઓ.જી. સ્ટાફના એ.એસ.આઈ ધનરાજભાઈ તથા કલ્યાણ સિંહ તથા હેડ.કોન્સ હસમુખભાઈ તથા દિલીપભાઈ તથા

જીતેન્દ્ર કુમાર તથા અલ્પેશ જી તથા ઘેમરભાઈ તથા પો.કોન્સ , ભોજુભા, તથા હસમુખ દાન તથા ડ્રા.પો.કો સરદારભાઈ તથા મનજીભાઈનાઓ પાલનપુર રામપુરા ચાર રસ્તા પાસે વાહન ચેકીંગ માં હતા. દરમ્યાન અંબાજી તરફ થી નારાયણ સરોવર જતી બસ ચેકીંગ દરમ્યાન પ્રકાશભાઈ બાબુભાઈ નાઈ તથા મનુંભાઈ રાયમલભાઈ પરમાર બન્ને રહે. રૈયા તા. દિયોદર વાળા ઈસમો પાસેથી માદક પદાર્થ ગાંજો પ.૩૩૫ કી. રૂ.૫૩,૩૫૦/- તથા આ અન્ય મુદ્દામાલ સાથે કુલ રૂપિયા ૫૯,૩૫૦/-ના મુદ્દામાલ સાથે મળી આવતાં સદરે ઈસમો વિરુદ્ધમાં એન.ડી.પી.એસ એક્ટ મુજબ કાયદેસર કાર્યવાહી કરી પાલનપુર પૂર્વ પોલીસ સ્ટેશને ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે.

ધાનેરામાં વૃક્ષ પ્રેમીઓ કહે છે વૃક્ષ વાવો... જીવન બચાવો... પણ વૃક્ષ કપાય છે તેનું ધ્યાન કેમ રાખતા નથી

શું? લોકો પોતાનું નામ કમાવવા માટે કામ કરી રહ્યા છે

ધાનેરા તા.૧

ધાનેરા શહેર અને તાલુકામાં અમુક સમયથી વૃક્ષ પ્રેમીઓનો જુવાળ ઊભો થયો છે આ લોકો વૃક્ષ વાવો- જીવન બચાવો ના નારા સાથે વૃક્ષ વાવવાની વાતો કરી પોતે વૃક્ષ પ્રેમી છે તેઓ દેખાવ કરી રહ્યા છે સરકારશ્રીના વૃક્ષ વાવો ના કાર્યક્રમમાં પણ તકનો લાભ છોડતા નથી અને પોતાની અને સંસ્થાની નામ કમાવવા ની હોડ ચાલી રહી છે. ધાનેરા તાલુકામાં રોજ ટ્રેકટરો મા ભરીને બિન કાયદેસર રીતે લીલા વૃક્ષો કપાઈ ને સો મિલો મા ઠલવાઈ રહ્યા છે તે લોકો નજરે જોઈ રહ્યાં છે .શું ? સો મિલો મા ઠલવાતા લીલા વૃક્ષો ના લાકડા બધા કાયદેસર છે? ના. તો પછી તે વૃક્ષો કપાય છે એ બાબતે વૃક્ષ પ્રેમીઓ વૃક્ષો કેમ પ્રેમ દેખાડતા નથી? તેઓમાં તાકાત નથી કે શું? અધિકારી

સાથે રાખીને પણ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરાઈ શકે છે પણ કોઈ કાર્યવાહી કરાવતાં નથી ધાનેરા માં સાંજના સમયે ટ્રેકટરો બિન કાયદેસર રીતે કપાઈને આવતા લીલા વૃક્ષો લાકડા ભરી ને હેરાફેરી થઈ રહી છે અને સો મિલોમાં ઠલવાઈ રહ્યા છે લોકો આવા દ્રશ્યો જોઈને આશ્ચર્ય પામે છે અને આવા વૃક્ષ પ્રેમીઓ ની શંકાસ્પદ રીતે મિલીભગત હોવાની ચર્ચા વધી રહી છે ખાલી દેખાવ કરી અને ફોટા પડાવી મિડિયા માં ફક્ત પોતાનું નામ ચમકાવી રહ્યા છે તેવુ લોક મુખે ચર્ચાઈ રહ્યું છે અમુક સંસ્થાઓ જે વૃક્ષ પ્રેમી ની વાતો કરી એક મુદ્દો તો પૂરો કરતા નથી જ્યારે બીજા મુદ્દા ઉપર દેખાવ કરતા જોવા મળી રહ્યા છે ફક્ત અને ફક્ત પોતાનો સ્વાર્થ સિદ્ધાંતોને વળગી ને કામ કરી રહ્યા છે તેવું લાગી રહ્યું છે જો આ વૃક્ષો પર તેમને લાગણી હોય તો બિન કાયદેસર કપાતાં વૃક્ષો બાબતે કોઈ કાર્યવાહી કરાવશે કે ? પછી વૃક્ષ વાવો ના નામ ઉપર અન્ય મુદ્દા ઊભા કરીને પોતાનું નામ કમાવાનું ચાલુ રાખશે?

ડીસાના મહાવીર પ્રોડક્ટના વેપારીને ઘીમાં ભેળસેળ મામલે ત્રણ લાખનો દંડ

પાલનપુર તા. ૧

સરહદી બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં આવેલ એક ગાયના ઘી ની પેઢીમાંથી એક વર્ષ અગાઉ ફુડ વિભાગની ટીમ દ્વારા લેવાયેલ ગાયના ઘી ના બે જુદાજુદા સેમ્પલ તંત્રના પરીક્ષણમાં ફેઈલ થયા અને આ ઘીમાં ભેળસેળ કરાયો હોવાનું સામે આવતા આ પેઢી ના માલિક સામે પાલનપુર અધિક નિવાસી નાયબ કલેકટરની કોર્ટમાં કેસ ચલાવવામાં આવ્યો હતો. જેમાં ખાદ્ય પદાર્થમાં મિલાવટ મામલે વેપારીને રૂપિયા ત્રણ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

ગાય બ્રાન્ડના ગાયના ઘીના બે સેમ્પલ પરીક્ષણમાં ફેઇલ થતા દંડનીય કાર્યવાહી કરાઇ : વર્ષ ૨૦૨૦ માં ફૂડ વિભાગ દ્વારા લેવાયેલા ઘીના બે સેમ્પલમાં મિલાવટ બહાર આવી

સરહદી બનાસકાંઠા જિલ્લાના ફુડ વિભાગના ઈન્સ્પેક્ટર એ.વી.જોશી અને પી.એચ પટેલે વર્ષ ૨૦૨૦ માં ખાદ્ય પદાર્થોમાં મિલાવટ અને ભેળસેળ રોકવા માટે ડીસા ખાતે આવેલા મહાવીર પ્રોડક્ટ્સના ગાય ઘી બ્રાન્ડના ગાયના ઘીના એક પંદર કિલોના ડબ્બા માંથી અને એક એક કિલો ગાયના ઘીના ડબ્બામાંથી જુદાજુદા બે સેમ્પલ લેવામાં આવ્યા હતા. અને આ ઘી શુદ્ધ છે કે તેમાં ભેળસેળ છે? તે માટે તેને લેબોરેટરી માં પરીક્ષણ અર્થે મોકલાયા હતા. જેના રિપોર્ટમાં આ ઘી ના સેમ્પલ માં ભેળસેળ કરાઈ હોવાનું આવતા મહાવીર પ્રોડક્ટ્સમાં માલિક દીપકભાઈ જગદીશચંદ્ર કાનુડાવાળા સામે પાલનપુરના અધિક નાયબ નિવાસી કલેકટર એ.ટી પટેલ ની કોર્ટમાં કેસ ચાલી જતા નાયબ કલેકટરે ગાય ના ઘીમાં ભેળસેળ મામલે મહાવીર પ્રોડક્ટના માલિક બે સેમ્પલ માં દોઢ લાખ તેમજ દોઢ લાખ મળી કુલ ત્રણ લાખ નો દંડ ફટકાર્યો છે. જેને લઈ ખાદ્ય પદાર્થ ની ચીજ વસ્તુઓ માં મિલાવટ કરતા વેપારીઓ તેમજ પેઢીઓના માલિકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

જન્મદિને વધામણી

મયુર વસંતભાઈ પટેલ
સાયરા તા.મોડાસા

જીગર ભરતભાઈ ઉપાધ્યાય
વિવેકાનંદ સોસાયટી
બાયડ

સુનીલ રામાની
વડાગામ તા. ધનસુરા

રાહુલ પટેલ
ધનસુરા

અતુલભાઈ પટેલ
પેનલ ઓફીસર,
રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ,
જામનગર
મોડાસા

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧